ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૪૪ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ ચૌદસ , સોમવાર ૧૩ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

નવા મતદારોએ પોતાના વાલીની SIR વિગત આપવી પડશે

ઓનલાઇન નોંધણીમાં એ જણાવવું પડશે કે તેમના માતા-પિતાનું નામ અગાઉની SIR પ્રક્રિયા પછી તૈયાર કરાયેલી મતદારયાદીમાં હતું કે નહીં?

પ્રથમ વખત મતદારયાદીમાં નામ નોંધાવી રહેલા નાગરિકોએ આનું ફરજિયાત પાલન કરવું પડશે

જેમના નામ રદ થયા છે અને ફરીથી નામ નોંધાવે છે તેમને પણ આ સૂચનાનું પાલન કરવા કહેવાયું

નવી દિલ્હી, તા. 12: મતદારયાદીમાં સામેલ થવા માટે અરજી કરતા નવા અરજદારોએ હવે છેલ્લી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR - ખાસ સઘન સુધારણા) પ્રક્રિયામાંની તેમના માતા-પિતાની સ્થિતિની વિગતો ફરજિયાતપણે આપવી પડશે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ઓનલાઈન મતદાર નોંધણી માટે ચૂંટણી પંચે આ જરૂરિયાત આવશ્યક બનાવી છે.

પ્રથમ વખત મતદાર બનનારા, તાજેતરમાં લાયક ઠરેલા નાગરિકો અને જેમના નામ રદ થયા છે તેવા નવી નોંધણી ઈચ્છતા મતદારો માટે ઉપયોગમાં લેવાતા વૈધાનિક ફોર્મ 6માં આ જરૂરિયાત ઉમેરવામાં આવી છે. જો કે આ ફોર્મમાં ગેઝેટ નોટિફિકેશન દ્વારા ઔપચારિક રીતે કોઈ સુધારો કરવામાં આવ્યો નથી, પરંતુ ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ડેકલેરેશનની જરૂરિયાત વહીવટી સૂચનાઓ દ્વારા દાખલ કરવામાં આવી છે અને ઓનલાઈન સબમિશન માટે તે ફરજિયાત બની ગઈ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, જ્યાં સુધી અરજદારો આ જાહેરાત વિભાગ પૂર્ણ ન કરે ત્યાં સુધી તેઓ ફોર્મ 6નું ઓનલાઈન ફાઈલિંગ આગળ વધારી શકશે નહીં. આ વિભાગમાં અગાઉની SIR પ્રક્રિયા દરમિયાન તૈયાર કરાયેલી મતદારયાદીમાં અરજદાર કે તેમના માતા-પિતાનું નામ સામેલ હતું કે નહીં તે અંગેની માહિતી માંગવામાં આવી છે.

ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ જાહેરાત સૌપ્રથમ ગયા વર્ષે જૂનમાં શરૂ કરાયેલી બિહાર SIR પ્રક્રિયા દરમિયાન દાખલ કરવામાં આવી હતી અને ત્યારથી જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR હાથ ધરવામાં આવી છે ત્યાં મતદાર નોંધણી પ્રક્રિયાઓમાં તેને સામેલ કરવામાં આવી છે. એક ચૂંટણી પંચના અધિકારીએ જણાવ્યું હતું કે, "બિહારના દૈનિક SIR બુલેટિન્સ દર્શાવે છે કે આ ફોર્મ જાહેરાતો સાથે જ ભરવામાં આવ્યા હતા." તેમણે ઉમેર્યું હતું કે આ જરૂરિયાત મતદારોની ઓળખ સ્પષ્ટ કરવામાં મદદ કરે છે અને નવા મતદારોએ તેમની અરજીઓ સાથે સબમિટ કરવા પડતા સહાયક દસ્તાવેજોની સંખ્યા ઘટાડે છે.

પ્રવર્તમાન ચૂંટણી નિયમો હેઠળ, ફોર્મ 6 માં અરજદારોએ તેમની સાથે રહેતા પરિવારના સભ્યોની વિગતો આપવી જરૂરી છે, જેમાં તેમના ઈલેક્ટોરલ ફોટો આઈડેન્ટિટી કાર્ડ (EPIC - મતદાર ઓળખપત્ર) નંબરનો સમાવેશ થાય છે. નવી ઉમેરાયેલી જાહેરાત અગાઉની SIR યાદીઓ સાથે જોડાયેલી માહિતી માંગીને આ જરૂરિયાતને આગળ ધપાવે છે, જો કે રજીસ્ટ્રેશન ઓફ ઈલેક્ટર્સ રૂલ્સ, 1960 (મતદારોની નોંધણીના નિયમો, 1960)માં હજી સુધી કોઈ ઔપચારિક સુધારો સૂચિત કરવામાં આવ્યો નથી.

આ ઘટના વિકાસ એવા સમયે સામે આવ્યો છે જ્યારે લાયક મતદારોની ઓળખ કરવા અને મતદારયાદીમાંથી ડુપ્લિકેટ, મૃતક, સ્થળાંતરિત, ગેરહાજર અને વિદેશી મતદારોને હટાવવાના હેતુથી દેશભરમાં ચૂંટણી પંચ દ્વારા SIR પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. પશ્ચિમ બંગાળ, બિહાર, કેરળ અને તમિલનાડુ સહિતના કેટલાક રાજ્યોમાં SIR પ્રક્રિયા અગાઉથી જ પૂર્ણ થઈ ગઈ છે અને અન્ય રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાલમાં તે ચાલી રહી છે. આ પ્રક્રિયાએ ધ્યાન આકર્ષિત કર્યું છે કારણ કે SIR હેઠળ સુધારેલી મતદારયાદીઓના કારણે મોટા પાયે મતદારોના નામ રદ કરવામાં આવ્યા છે, જેનાથી ભવિષ્યના અરજદારો અને યાદીમાંથી જેમના નામ હટાવવામાં આવ્યા છે તેમના પરિવારના સભ્યો પર શું અસર પડશે તે અંગે પ્રશ્નો ઉભા થયા છે.

નામ નોંધણી માટે અરજદારોને ત્રણ વિકલ્પ અપાયા છે

ECINET પોર્ટલ પર ઉપલબ્ધ ઓનલાઈન ફોર્મ 6 ના ભાગ J અને K ની વચ્ચે દાખલ કરવામાં આવેલી આ નવી સૂચનામાં, અરજદારોને ત્રણ વિકલ્પોમાંથી પસંદગી કરવાનું કહેવામાં આવે છે: શું તેમનું પોતાનું નામ અગાઉની SIR મતદારયાદીમાં હતું, શું અગાઉની SIR યાદીમાં માતા-પિતા અથવા દાદા-દાદીનું નામ હતું, અથવા અરજદાર કે તેમના માતા-પિતામાંથી કોઈ પણ અગાઉની યાદીમાં સામેલ નહોતા. જો અરજદારો પ્રથમ બે વિકલ્પોમાંથી કોઈ એક પસંદ કરે છે, તો તેમણે અગાઉની SIR હેઠળ વિધાનસભા મતવિસ્તાર, મતદાન મથક નંબર અને ક્રમ નંબર જેવી વિગતો આપવી જરૂરી રહેશે. આવી માહિતી ન હોવાના કિસ્સામાં, અરજદારો ત્રીજી શ્રેણી પસંદ કરી શકે છે. જો કે, આ વિકલ્પ પસંદ કરવાથી શું અસરો થઈ શકે છે તે પોર્ટલ પર સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.

ટ્રમ્પના ખાસ સાથી , સેનેટર લિન્ડસે ગ્રેહામનું અચાનક અવસાન: ઇરાન પર પણ શંકા

એક દિવસ પહેલા જ યુક્રેનની મુલાકાતે જઇ આવ્યા હતા, ૧૧ જુલાઇએ અચાનક બિમાર પડ્યા અને અવસાન પામ્યા

ગ્રેહામ પણ ઇરાનના હિટ લિસ્ટ પર હતા: તેમના મૃત્યુ બાદ ઇરાની મીડિયાએ રહસ્યમય તસવીર જારી કરતા અટકળો

રશિયન ઓઇલ ખરીદીના મામલે ગ્રેહામ ભારતના સખત ટીકાકાર હતા, ૫૦૦ ટકા ટેરિફની ધમકી આપી હતી

ઇરાની મીડિયાએ જારી કરેલી રહસ્યમય તસવીર

વોશિંગ્ટન, 12 : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી નજીકના સાથીદારોમાંના એક અને અમેરિકન વિદેશ નીતિ પર પ્રભાવશાળી અવાજ ધરાવતા રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામનું નિધન થયું છે. તેમની ઓફિસે ટૂંકી અને અચાનક આવેલી બીમારી ગણાવી હતી. તેઓ ૭૧ વર્ષના હતા. જો કે તેમના મૃત્યુના કારણ અંગે કોઇ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી અને વળી ઇરાની સરકારી ટેકાવાળા મીડિયાએ રહસ્યમય તસવીરો જારી કરતા અટકળોને વેગ મળ્યો છે.

ગ્રેહામ હાલમાં જ યુદ્ધ સંબંધી કાર્ય બાબતે યુક્રેન જઇ આવ્યા હતા. તેઓ ૧૧ જુલાઇએ અચાનક બિમાર પડી ગયા હતા અને થોડા સમય પછી તેમનું અવસાન થયું હતું એ મુજબ તેમની કચેરી તરફથી અપાયેલી માહિતી પરથી જાણવા મળે છે. ઇરાની મીડિયાએ ગ્રેહામની યુક્રેન યાત્રાની એક તસવીર જારી કરી છે અને બીજી પણ એક તસવીર છે પરંતુ ત્રીજી એક તસવીર એવી જારી કરી છે જેમાં ટ્રમ્પ સહિતના તે લોકો છે જેમના નામ ઇરાનના હિટ લિસ્ટ પર છે. આમાં સૌથી છેલ્લે ગ્રેહામનો ફોટો છે અને તેના પર ચોકડી મરાઇ છે જે એક સૂચવતું જણાય છે કે આ એક ગયો! જો કે ઇરાને સત્તાવાર રીતે કોઇ દાવો કર્યો નથી.

બે દાયકા કરતાં વધુ સમય સુધી સેનેટમાં સાઉથ કેરોલિનાનું પ્રતિનિધિત્વ કરનારા ગ્રેહામ, રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનના રિપબ્લિકન પાર્ટીના સૌથી અગ્રણી સમર્થકોમાંના એક હતા અને મોસ્કો પર વધુ કડક પ્રતિબંધો લગાવવાના અગ્રણી હિમાયતી હતા. ૨૦૧૬ની રિપબ્લિકન પ્રમુખ પદની ચૂંટણી દોડ દરમિયાન ટ્રમ્પ સાથે કડવી હરીફાઈ હોવા છતાં, તેઓ આગળ જતાં તેમના સૌથી નજીકના રાજકીય સાથીઓમાંના એક બન્યા હતા. યુક્રેન યુદ્ધ વચ્ચે ભારત દ્વારા રશિયન તેલની ખરીદીના ગ્રેહામ કટ્ટર ટીકાકાર હતા અને તેમણે રશિયન ઉર્જા ખરીદનારા ભારત સહિતના દેશો સામે વારંવાર પ્રતિબંધો લગાવવાની માંગ કરી હતી. આ વર્ષની શરૂઆતમાં, ગ્રેહામે જણાવ્યું હતું કે ટ્રમ્પે એક દ્વિપક્ષીય કાયદાને લીલી ઝંડી આપી દીધી છે જેના પર તેમણે

...અનુસંધાન પાના 2 પર

ઓમાનના દરિયાકાંઠે ૧૧ ભારતીયો સાથેના વ્યાપારી જહાજ પર હુમલો

જીએફએસ ગેલેક્સી નામના આ જહાજમાં ૧૧ ભારતીયો હતા, તેમાંથી દસને બચાવાયા, એક લાપતા

ભારત સરકારે હુમલો વખોડ્યો, ઓમાનના સહકાર સાથે લાપતા ખલાસીની શોધખોળ ચાલુ, હુમલો કોણે કર્યો તે સ્પષ્ટતા નહીં



નવી દિલ્હી, તા. 12: ઓમાનના દરિયાકાંઠે ભારતીયો સાથેના એક વધુ જહાજ પર હુમલો થયો છે. આ જહાજમાં ૧૧ ભારતીય ખલાસીઓ હતા, તેમાંથી દસને બચાવી લેવાયા છે જ્યારે એક હજી લાપતા છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે જહાજ પર સવાર ૧૧ ભારતીય નાગરિકોમાંથી ૧૦ લોકોને બચાવી લેવાયા છે. એક ભારતીય નાગરિક હજુ પણ ગુમ હોવાના અહેવાલ છે. ઓમાનમાં આવેલું ભારતનું દૂતાવાસ પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે અને ચાલુ સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન સ્થાનિક સત્તાવાળાઓ સાથે સંકલન સાધી રહ્યું છે.

એક્સ પર પોસ્ટ કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે, બચાવ કામગીરી ચાલુ છે અને ભારતીય અધિકારીઓ ઓમાનના સત્તાવાળાઓના સંપર્કમાં છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, "અમે આજે વહેલી સવારે ઓમાનના દરિયાકાંઠા પાસે વ્યાપારી જહાજ જીએફએસ ગેલેક્સી પર થયેલા હુમલાની નિંદા કરીએ છીએ. જહાજ પર સવાર ૧૧ ભારતીય નાગરિકોમાંથી અત્યાર સુધીમાં ૧૦

...અનુસંધાન પાના 2 પર

રામ મંદિર ટ્રસ્ટમાં સરકારની કોઈ દખલગીરી નહીં હશે: નૃપેન્દ્ર મિશ્રા

આરએસએસે એસઆઇટી તપાસને ટેકો જાહેર કર્યો

કેજરીવાલ આ કૌભાંડ અંગે દેશવ્યાપી અભિયાન શરૂ કરશે

નવી દિલ્હી/અયોધ્યા, 12 (PTI): દાનચોરીના વિવાદને પગલે વિરોધ પક્ષો દ્વારા જવાબદારી નક્કી કરવા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવાની માંગ વચ્ચે રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ રવિવારે જણાવ્યું હતું કે, રામ મંદિર ટ્રસ્ટ અથવા તેના સીઈઓની કામગીરીમાં સરકારની કોઈ દખલગીરી હશે નહીં."

કોંગ્રેસ અને શિવસેના (યુબીટી) પછી આમ આદમી પાર્ટીએ પણ રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિઓના મુદ્દે એક અભિયાન શરૂ કર્યું છે, જેમાં આપના વડા અરવિંદ કેજરીવાલે લોકોને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધિત એક પત્ર પર સહી કરવાની અપીલ કરી છે, જેમાં દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

એક પત્રકાર પરિષદને સંબોધતાં કેજરીવાલે આક્ષેપ કર્યો હતો કે, દોષિતોને જવાબદારીમાંથી બચાવવામાં આવી રહ્યા છે. આપના વડાએ કહ્યું, "અમે ત્યાં સુધી જંપીને નહીં બેસીએ જ્યાં સુધી તેમને ફાંસીની સજા સુનિશ્ચિત ન કરાવી દઈએ."

દિલ્હીના રોહિણીમાં કેજરીવાલની હાજરીમાં 'સુંદરકાંડ'ના પાઠ સાથે આ દેશવ્યાપી અભિયાનની શરૂઆત

અમેરિકાએ ફરીથી ઈરાન પર હુમલા કર્યા: ઈરાને વળતો જવાબ આપ્યો

હોર્મુઝમાં જહાજો પર હુમલા પછી પોતે હુમલો કર્યો હોવાનું અમેરિકાએ જણાવ્યું

ઇરાને જવાબમાં અખાતી દેશોમાં અમેરિકાના થાણાઓ પર વળતા હુમલા કર્યા

દુબઈ, તા. 12 (AP). સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં એક જહાજ પર ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલાના કારણે કન્ટેનર જહાજમાં આગ લાગી ગઈ હતી અને તેના ખલાસીઓને જહાજ છોડીને ભાગવાની ફરજ પડી હતી, તેના જવાબમાં અમેરિકાએ રવિવારે વહેલી સવારે ઈરાન પર હુમલો કર્યો હતો.

ઈરાને બહેરીન, કુવૈત, કતાર, ઓમાન અને જોર્ડન સહિત મધ્ય પૂર્વના કેટલાક દેશોને નિશાન બનાવીને હુમલાઓ સાથે વળતો જવાબ આપ્યો હતો. આ ઝડપી લડાઈએ ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધનો કાયમી અંત લાવવાના પ્રયાસો પર નવા પ્રશ્નો ઊભા કર્યા છે.

તેલ અને કુદરતી ગેસ માટેનો મુખ્ય પરિવહન માર્ગ એવી આ સામુદ્રધુની વાટાઘાટોમાં મુખ્ય અવરોધ બની ગઈ છે અને છેલ્લા એક અઠવાડિયા દરમિયાન વારંવાર થયેલા સામસામે હુમલાઓને કારણે વાટાઘાટો પડી ભાંગવાનું જોખમ ઊભું થયું છે.યુએસ મિલિટરીના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, તેણે રવિવારના હુમલામાં આશરે ૧૪૦ લક્ષ્યો પર પ્રહાર કર્યા હતા અને મિસાઈલ તેમજ ડ્રોન લોન્ચ સાઈટ્સ, દારૂગોળાના ભંડાર, સંચાર ઉપકરણો અને અન્ય સ્થળોને નિશાન બનાવ્યા હતા.

કમાન્ડે જણાવ્યું હતું કે, તાજેતરના દિવસોમાં અગાઉ થયેલા હુમલાઓ કરતાં આ હુમલા વધુ ભારે હતા, જે નાગરિક જહાજોને જોખમમાં મૂકવાની ઈરાનની ક્ષમતાને નબળી પાડશે.

અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથે ઓનલાઈન લખ્યું, "ઈરાને ખોટો નિર્ણય લીધો છે. હવે તેઓ કિંમત ચૂકવશે."

અર્ધ-સરકારી ઈરાની સમાચાર એજન્સીઓએ અહેવાલ આપ્યો છે કે, વહેલી સવારના હુમલામાં નૌકાદળના એક અધિકારી માર્યા ગયા છે. ઈરાને અમેરિકી સૈન્ય દળોની યજમાની કરી રહેલા આ પ્રદેશના દેશો પર હુમલો કરીને વળતો પ્રહાર કર્યો હતો, સાથે જ એવો આગ્રહ રાખ્યો હતો કે આ સામુદ્રધુની પર માત્ર તેનું જ નિયંત્રણ હોવું જોઈએ અને તેમાંથી પસાર થતા જહાજો પાસેથી સંભવિત રૂપે ચાર્જ

...અનુસંધાન પાના 2 પર

રામ મંદિરમાં 40 દિવસમાં દાનની ચોરીના 70 કિસ્સા પ્રકાશમાં આવ્યા

તમામ ઘટનાઓ સાંજની શિફ્ટની ગણતરી દરમ્યાન જ બની

લખનઉ, તા. 12. અયોધ્યામાં રામ મંદિર ખાતે દાનની કથિત ચોરી મામલે ચાલી રહેલી તપાસમાં બહાર આવ્યું છે કે, 40 દિવસના ગાળામાં ઓછામાં ઓછી 70 વખત ચઢાવાની ચોરી કરવામાં આવી હતી અને આ તમામ ઘટનાઓ સાંજની ગણતરીની શિફ્ટ દરમિયાન બની હતી. આરોપીઓની પોલીસ પૂછપરછની વિગતોને ટાંકીને સૂત્રોએ આ માહિતી આપી છે.

આ ખુલાસાઓ બાદ સત્તાધીશોએ દાન ગણવાની પ્રક્રિયામાં મોટો ફેરફાર કર્યો છે. મંદિરમાં હવે સિંગલ-શિફ્ટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે, જે અગાઉની બે-શિફ્ટ વ્યવસ્થાની જગ્યા લેશે, જેના હેઠળ આ કથિત ચોરીઓ થતી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ચોરીઓ બપોરે 2 વાગ્યાથી રાત્રે

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૨-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૭૮૧.0 મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૧૩.૨૮ ફૂટ	આઉટફ્લો ૮૦૦ ક્યુસેક
તાપમાન	મહત્તમ ૩૨.૪ સે.	લઘુત્તમ ૨૭.૮ સે. / ભેજ ૮૦%

મોટા ભાગના ભારતમાં ચોમાસાની ગતિવિધિ ધીમી પડી ગઈ

ભારે વરસાદ માત્ર ઉત્તરાખંડ, હિમાચલ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વીય રાજ્યો પૂરતો સીમિત રહ્યો

ઉત્તરાખંડમાં ભારે વરસાદથી ભૂપ્રપાતના બનાવો, ૧૨૬ રસ્તાઓ બંધ

નવી દિલ્હી, તા. 12 (PTI). રવિવારે ભારતના મોટા ભાગના વિસ્તારોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિવિધિ ધીમી રહી હતી, જ્યારે ભારે વરસાદ માત્ર ઉત્તરાખંડ, હિમાચલ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વીય રાજ્યો પૂરતો સીમિત રહ્યો હતો.

ભારતીય હવામાન વિભાગે (આઈએમડી) રવિવારે તેના દૈનિક બુલેટિનમાં આગાહી કરી છે કે, આગામી ૨-૩ દિવસ દરમિયાન ઉત્તર-પૂર્વ ભારત, પશ્ચિમ બંગાળ અને બિહારમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે અને આગામી ૪-૫ દિવસમાં પૂર્વ ઉત્તર પ્રદેશમાં છૂટોછવાયો ભારે વરસાદ થઈ શકે છે. આઈએમડીએ આગામી ૬-૭ દિવસમાં ઉત્તર-પશ્ચિમ, પશ્ચિમ મધ્ય અને દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં નબળા વરસાદની પણ આગાહી કરી છે.

ઉત્તરાખંડ માટે આઈએમડીએ ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. રવિવારે ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે

...અનુસંધાન પાના 2 પર

કેનેડાના ટોરેન્ટોમાં શેરી ઉત્સવમાં ગોળીબાર: બેનાં મોત

અન્ય પાંચ ઘાયલ થયા: અમેરિકા જેવી ઘટના કેનેડામાં પણ

કોઇની ધરપકડ નહીં, હુમલાખોરની માહિતી નહીં

ટોરોન્ટો, તા. 12 (AP). શનિવારે ટોરોન્ટોના એક સ્ટ્રીટ ફેસ્ટિવલ નજીક થયેલા ગોળીબારમાં બે લોકોનાં મોત થયાં છે અને પાંચ લોકો ઘાયલ થયા છે. આ ઘટનાને પગલે પોલીસે શરૂઆતમાં સક્રિય શૂટર અંગે ચેતવણી આપી હતી. જોકે. બાદમાં જણાવ્યું હતું કે આ વિસ્તાર હવે સુરક્ષિત છે.

ટોરોન્ટો પોલીસના પ્રવક્તા શેનન ઈમ્સે જણાવ્યું હતું કે, સેન્ટ ક્લેર એવન્યુ વેસ્ટ અને આર્લિંગ્ટન એવન્યુ નજીક થયેલા ગોળીબારમાં બે લોકોનાં મોત થયાં છે અને અન્ય પાંચ લોકોને ગોળી વાગવાથી ઈજા થઈ છે. આ એ જ વિસ્તાર છે જ્યાં 'સાલ્સા ઓન સેન્ટ ક્લેર ફેસ્ટિવલ' ચાલી રહ્યો હતો.

પોલીસ જ્યારે આ મામલે કાર્યવાહી કરી રહી હતી ત્યારે તેમણે લોકોને આ વિસ્તારથી દૂર રહેવા વિનંતી કરી હતી. બાદમાં પોલીસે

...અનુસંધાન પાના 2 પર